નં.મકમ/જનરલ/ડે.ઓ.પા./ ૭૭૨૧
નિયામક, સમાજ સુરક્ષા ખાતુ
બ્લોક નં. ૧૬,ગ્રાઉન્ડ ફ્લોર,
ડો. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર – ૩૮૨૦૧૦.
તા. ૦૮/૧૦/૨૦૧૮

વંચાણમાં:- વડી કચેરીના તા.૧૪/૦૫/૨૦૧૩ના આદેશ ક્રમાંક:-મકમ/જનરલ/ડે.ઓ.પા./૧૦૩૬

## કાર્યાલય આદેશ

ઉપરોક્ત વંચાણમાં દર્શાવેલા તા.૧૪/૦૫/૨૦૧૩ના કાર્યાલય આદેશના ક્રમાંક-૧ અન્વયે સમાજ સુરક્ષા ખાતા હસ્તકની સરકારી અને સ્વૈચ્છિક સંસ્થાઓને ગ્રાંટ ફાળવણી અને તેના આદેશ કરવાની સત્તા હિસાબી અધિકારી વર્ગ-૧ને આપવામાં આવેલ હતી. જે આથી રદ કરવામાં આવે છે તથા સદરહું સત્તાઓ નિયામકશ્રી, સમાજ સુરક્ષા ગાંધીનગરને આપવામાં આવે છે.

આ હુકમ ઇશ્યુ થયા તારીખથી કોઇપણ સંસ્થા/કચેરીને ગ્રાન્ટ ફાળવણી અંગે નીચેની વિગતે કાર્યવાહી કરવાની રહેશે.

(૧) સમાજ સુરક્ષા હેઠળની તમામ વહીવટી-કામગીરી-યોજનાઓ અન્વયે ફાળવવાની થતી ગ્રાન્ટ અંગે જે તે શાખાએ જે તે બાબત અંગે જયારે જરૂર પડે ત્યારે અથવા દર ત્રણ માસે વિગતવાર નોંધ તૈયાર કરી નોંધ પર નિયામકશ્રીની મંજુરી મેળવી તે નોંધ હિસાબી શાખાને આપવાની રહેશે. નોંધમાં નીચેની બાબતોનો સમાવેશ કરવાનો રહેશે.

(એ) જે તે યોજનાની ચાલુ વર્ષની બજેટ જોગવાઇ

(બી) અત્યાર સુધીમાં ફાળવેલ ગ્રાન્ટ

(સી) આ હુકમમાં ફાળવવામાં આવતી ગ્રાન્ટ

(ડી) ફાળવણીના કારણો અને વિગત

(ઇ) આ હુકમથી ગ્રાન્ટ ફાળવતા બચત રહેતી ગ્રાન્ટ

(એફ) વિગતવાર બજેટ હેડ

(૨) ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થાઓને ફાળવવાની ગ્રાન્ટ જે તે શાખાએ ઉપરોક્ત વિગતો ધ્યાનમાં રાખીને સંસ્થાઓની ગ્રાન્ટની યાદી બનાવી વિગતવાર નોંધ રજુ કરી નિયામકશ્રીની મંજુરી

મેળવી હિસાબી શાખાને આપવાની રહેશે. ત્યાર બાદ હિસાબી શાખાએ ગ્રાંટ ફાળવણી કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

(૩) કોઇપણ ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થાને જે તે ક્વાટરમાં ગ્રાન્ટ ફાળવવાની ન થતી હોય તેની યાદી કારણો સહિત રજુ કરવાની રહેશે.

(૪) ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થાઓના કર્મચારીઓને પગાર સીધો ડીપી સેલ મારફતે ચુકવવામાં આવે છે ત્યારે દરમાસે કોઇપણ સંસ્થાના કર્મચારીઓની વધ-ઘટ થાય તેની જાણ અચુકપણે ડીપી-સેલને અલગ પત્રથી કરવાની રહેશે અને તેનું રજીસ્ટર રાખવાનું રહેશે. આ અંગેની જવાબદારી જે-તે સબંધિત ડીલીંગ હેડ કર્મચારીની રહેશે.

(૫) હિસાબી શાખાએ ગ્રાન્ટ ફાળવણી અંગે ઉપરોક્ત નોંધ મળ્યેથી ગ્રાન્ટ ફાળવણીના વિધિસરના હુકમો નિયામકશ્રીની સહીથી કરવાના રહેશે. અને ચુકવણા અંગેની કાર્યવાહી નિયત સમય મર્યાદામાં કરવાની રહેશે.

ઉપરોક્ત સુચનાનો તાત્કાલિક અસરથી અને ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

**નિયામક**
**સમાજ સુરક્ષા ખાતુ,**
**ગુજરાત રાજ્ય, ગાંધીનગર**

**પ્રતિ,**
**તમામ શાખા અધિકારીશ્રી,**
**સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગર**

૧) સીપીડી,શાખા, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગર
૨) અપગશાખા, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગર.
૩) મહેકમ શાખા, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગર.
૪) હિસાબી શાખા, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગર.
૫) ડી.પી.સેલ, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગર.
૬) મોનિટરિંગ સેલ , સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગર.